
Title-Code:-GUJGUJ18109

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-04, ISSUE- 07,(SURAT), DATE-05/08/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૪, અંક-૦૭, (સુરત), તા.૦૫/૦૮/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 ફોરેક્સ ટ્રેડિંગમાં મોટા નફાની લાલચ આપી કાપડ વેપારી સાથે રૂ. ૧.૮૨ કરોડની ઠગાઈ

3 જામનગરના ધારારનગરમાં સગીરા પર દુષ્કર્મનો આરોપ: સગીર શખ્સ વિરુદ્ધ પોક્સો હેઠળ ગુનો નોંધાયો

4 ક્રાઇમ બ્રાન્ચે બસ સ્ટેન્ડ પાસેથી સગીરા સાથે ડીટેઈન કરી ભાવનગર પોલીસને સોપવાની કવાયત હાથ ધરી


## E૨૦ પેટ્રોલ સામે કેજરીવાલનો મોરચો: PM નિવાસ તરફ માર્ચ દરમિયાન પોલીસે અધવચ્ચે અટકાવ્યા

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ઊ૨૦ ફ્યુલનો વિરોધ કરવા PM આવાસ તરફ માર્ચ કાઢી હતી. દિલ્હી પોલીસે કેજરીવાલ, મનીષ સિસોદિયા સહિત ૧૦૦ નેતાઓને ફિરોઝશાહ રોડ પર રોક્યા. ૨.૩૦ લાખથી વધુ લોકોની અરજીઓ ડખને આપવા માર્ચનું આયોજન થયું હતું. પોલીસે રોક્તા AAP નેતાઓ ત્યાં જ ધરણાં પર બેઠા. કેજરીવાલે ડખને મળવાની આશા વ્યક્ત કરી.



દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે મંગળવારે E૨૦ ફ્યુલ સામે મોરચો ખોલતા વડાપ્રધાન આવાસ તરફ એક વિશાળ માર્ચ કાઢી હતી. દેશભરમાંથી એકત્ર કરવામાં આવેલી જનજાગૃતિ અને અરજીઓને વડાપ્રધાન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્યથી આ આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. જોકે, દિલ્હી પોલીસ દ્વારા સુરક્ષા અને વ્યવસ્થાના કારણોસર અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા, જૈસ્મિન શાહ સહિત પાર્ટીના અન્ય શીર્ષ નેતાઓને ફિરોઝશાહ રોડ પર જ રોકી દેવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા આગળ વધવાની મંજૂરી ન આપવામાં આવતા, કેજરીવાલ સહિતના તમામ AAP નેતાઓ અને કાર્યકર્તાઓ ફિરોઝશાહ રોડ પર જ વચ્ચે રસ્તા પર ધરણા પર બેસી ગયા હતા.

આ વિરોધ માર્ચમાં આમ આદમી પાર્ટીના આશરે ૧૦૦ જેટલા પ્રમુખ નેતાઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા. પાર્ટી દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે E૨૦ ઇંધણના વિરોધમાં દેશભરમાંથી ૨.૩૦ લાખથી વધુ નાગરિકોની સહીઓ અને અરજીઓ એકત્રિત કરવામાં આવી છે. આ તમામ અરજીઓ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સત્તાવાર રીતે સોંપવા માટે આ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું.

માર્ચ અને ધરણાં પ્રદર્શન દરમિયાન અરવિંદ કેજરીવાલે મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે E૨૦ ફ્યુલની નીતિ સામે ૨ લાખથી વધુ લોકોએ વડાપ્રધાનને પોતાના પત્રો લખ્યા છે. તેઓ આ તમામ પત્રો કોઈ માધ્યમ દ્વારા નહીં પરંતુ પોતે રૂબરૂ વડાપ્રધાનને સોંપવા માંગે છે. કેજરીવાલે ઉમેર્યું હતું કે તેમણે આ અંગે વડાપ્રધાનને મેસેજ પણ મોકલ્યો છે અને તેમને પૂર્ણ આશા છે કે વડાપ્રધાન તેમની સાથે મુલાકાત કરશે અને જનતાની આ અવાજ સાંભળશે. આ વિરોધ પ્રદર્શનને કારણે ફિરોઝશાહ રોડ પર રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો અને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. AAP નેતાઓનું માનવું છે કે E ૨૦ ઇંધણના અમલીકરણ થી વાહનચાલકો અને સામાન્ય જનતાને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, જેના વિરોધમાં આ અવાજ ઉઠાવવો અનિવાર્ય બન્યો હતો.

## કર્ણાટકમાં મંત્રી મંડળ વિસ્તરણ થતાં જ કોંગ્રેસમાં ભડકો! બે ધારાસભ્યોના રાજીનામાં, CÂએ આપ્યો જવાબ



કર્ણાટકમાં કોંગ્રેસ સરકારના મંત્રીમંડળ વિસ્તરણ બાદ આંતરિક વિખવાદ વધ્યો છે. મંત્રીપદ ન મળતા ૩ ધારાસભ્યોએ રાજીનામું આપવાની જાહેરાત કરી છે, જેમાં યશવંતરાયગોડા પાટીલે ડેપ્યુટી સ્પીકરને રાજીનામું સોંપ્યું. બેલૂર ગોપાલકૃષ્ણએ વંશવાદ પર પ્રહાર કર્યા. સંગમેશે પણ નારાજગી વ્યક્ત કરી. મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે નારાજ ધારાસભ્યોને ધીરજ રાખવા અપીલ કરી છે.

કર્ણાટકમાં કોંગ્રેસ સરકારના મંત્રીમંડળ વિસ્તરણ થતાંની સાથે જ પક્ષની અંદરનો આંતરિક વિખવાદ ખુલ્લીને સામે આવી ગયો છે. મંત્રીપદની આશા રાખીને બેઠેલા ધારાસભ્યોની અવગણનાથી નારાજ થયેલા બે ધારાસભ્યોએ વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી દીધી છે, તો બીજી તરફ અનેક વરિષ્ઠ નેતાઓએ હાઈકમાન્ડ સામે મોરચો માંડી દીધો છે.

મંત્રીમંડળ વિસ્તરણ દરમિયાન મંત્રીઓની યાદી બે વાર જાહેર કરવામાં આવી હતી. પ્રથમ યાદીમાં ભટકલના ધારાસભ્ય મનકલ વૈદ્યને સ્થાન આપવામાં આવ્યું હતું, પરંતુ છેલ્લી ઘડીએ તેમનું નામ બદલીને તેમના સ્થાને દાવણગેરેના ધારાસભ્ય એસ.એસ. મલ્લિકાર્જુનનું નામ ઉમેરાયું હતું. જ્યારે એસ.એલ.સી. ગાયત્રી શાંતેગૌડાનું નામ કાપીને એક પદ ખાલી છોડી દેવામાં આવ્યું છે. જોકે, ગાયત્રીની અવગણના અંગે પક્ષ દ્વારા કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા પ્રમાણે વરિષ્ઠ નેતાઓના દબાણને કારણે આ નિર્ણય લેવાયો છે. સૌથી મોટો ઝટકો ત્રણ વખતથી ઈંડીના ધારાસભ્ય રહેલા યશવંતરાયગોડા પાટીલે આપ્યો છે, જેમણે ડેપ્યુટી સ્પીકરને પોતાનું રાજીનામું સોંપી દીધું છે. તેમણે કહ્યું કે, હું કોંગ્રેસ પરિવાર સાથેના તમામ સંબંધો પૂરા કરી રહ્યો છું.

## MSME બિલ રાજયસભામાં પસાર: નાના વેપારીઓને લેટ પેમેન્ટમાંથી કાયમ માટે છૂટકારો

રાજયસભાએ સોમવારે MSME ડેવલપમેન્ટ (એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૨૬ પસાર કર્યુંછે. આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય MSME માટે વિલંબિત ચુકવણીના વિવાદોના ઝડપી ઉકેલ અને કેશ ફ્લો સુધારવાનો છે. કેન્દ્રીય ખજખઉ મંત્રી જીતન રામ માંઝીએ જણાવ્યું કે આ કાયદો ૨૦૦૬ ના એક્ટમાં સુધારો કરીને સેક્ટરના પડકારોને હલ કરશે. આ સેક્ટર ઉડમાં ૩૧% અને નિકાસમાં ૪૧% યોગદાન આપે છે.



રાજયસભા દ્વારા સોમવારે માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝિસ ડેવલપમેન્ટ (એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૨૬ પસાર કરવામાં આવ્યું છે. આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય MSME માટે વિલંબિત ચુકવણીના વિવાદોના ઉકેલને ઝડપી બનાવવાનો અને કેશ ફ્લોમાં સુધારો કરવાનો છે. બિલ પાસ થયા બાદ તરત જ ઉપલા ગૃહને દિવસભર માટે સ્થગિત કરી દેવામાં આવ્યું હતું.

જો કોઈ ઓર્ડરને પડકારતી અરજી ૬ મહિનાથી વધુ સમય માટે પેન્ડિંગ રહે, તો અદાલતો ખરીદદારોને MSME સપ્લાયરને આપવામાં આવેલી રકમના ઓછામાં ઓછા ૫૦% ડિપોઝિટ કરવાનો આદેશ આપી શકશે. આ કાયદા હેઠળ મિડિએટેડ સેટલમેન્ટ એગ્રીમેન્ટ્સ અને આર્બિટ્રલ અવાર્ડ્સને જમીન મહેસૂલની બાકી રકમ તરીકે વસૂલવાની જોગવાઈ કરવામાં આવી છે.

## અમેરિકાની ટેરિફની ધમકી છતાં રશિયા બન્યું ભારતનું નંબર-૧ પાર્ટનર! ક્રૂડ ઓઈલ આયાતના રેકોર્ડ તૂટ્યા

જુલાઈ ૨૦૨૬ માં ભારતે રશિયા પાસેથી વિક્રમજનક ક્રૂડ ઓઇલની આયાત કરી છે. અમેરિકાની ટેરિફની ધમકી છતાં, કુલ ૫૦ લાખ બેરલ દૈનિક આયાતમાંથી ૨૭-૨૮ લાખ બેરલ રશિયાથી આવ્યું. આમ, પ્રથમ વખત રશિયાનો હિસ્સો ૫૦% વટાવી ગયો. UAE અને સાઉદી અરેબિયા પાછળ રહી ગયા. આર્થિક ફાયદા અને વૈવિધ્યકરણની ભારતીય વ્યૂહરચના સફળ રહી છે.




ભારતે અમેરિકાની ટેરિફની ધમકી છતાં રશિયા પાસેથી જુલાઈ મહિનામાં વિક્રમજનક ક્રૂડ ઓઇલની આયાત કરી છે. ભારતની જુલાઈમાં ક્રૂડ ઓઇલની કુલ આયાત પ્રતિ દિન લગભગ ૫૦ લાખ બેરલ હતી, તેમાંથી રશિયા પાસેથી પ્રતિ દિન ૨૭ થી ૨૮ લાખ બેરલની આયાત કરવામાં આવી હતી. આમ, પહેલી વખત ભારતની રશિયા પાસેથી ક્રૂડ ઓઇલની ખરીદી ૫૦ ટકાને વટાવી ગઈ છે.

ભારતને ક્રૂડ ઓઇલનો પુરવઠો પૂરો પાડવામાં યુએઈ અને સાઉદી અરેબિયા અનુક્રમે બીજા અને ત્રીજા નંબરે આવે છે, પરંતુ બંનેનો સંયુક્ત પુરવઠો પણ રશિયા કરતાં ઓછો છે. ભારતની રશિયા પાસેથી ક્રૂડ ઓઇલની આયાતમાં વધારો નિર્ણાયક તબક્કે થયો છે. એક બાજુ અમેરિકા રશિયા પાસેથી ક્રૂડ ખરીદનારા પર ૧૦૦ ટકા ટેરિફ લાદવા આગળ વધી રહ્યું છે, તો તે જ સમયે ભારતે રશિયા પાસેથી જંગી પ્રમાણમાં આયાત ચાલુ રાખી છે.

કેપ્લર સિનિયર રિસર્ચ એનાલિસ્ટ નિખિલ દુબેએ જણાવ્યું હતું કે ભારતની ઉર્જા સ્ત્રોતોનું વૈવિધ્વીકરણ કરવાની વ્યૂહરચના સફળ રહી છે. તેના કારણે રીફાઇનરોએ વિપરીત ભૂરાજકીય સ્થિતિમાં પણ નિયમિત ધોરણે વીજ પુરવઠો અને ઓઇલ જાળવી રાખ્યું છે. રશિયા દ્વારા ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવવાથી ભારતના રાજકોષીય ખાધને પણ અંકુશમાં રાખવામાં મોટી મદદ મળી છે. પશ્ચિમ એશિયાની નિકાસ પર મુશ્કેલીના વાદળો મંડરાયા છે ત્યારે રશિયા ભારત માટે વિશ્વસનીય પુરવઠાકાર તરીકે ઉભરી આવ્યું છે.

## વધુ એક Gen-Z આંદોલન! વરસાદ છતાં ઝારખંડમાં વિદ્યાર્થીઓ અડગ, કોકરોચ જનતા પાર્ટીએ પણ આપ્યું સમર્થન

આ પ્રદર્શન કોઈ રાજકીય પક્ષનું એજન્ડા નહોતું. તેની શરૂઆત રાંચીના બાપુ વાટિકા મેદાનમાં કેટલાક પરેશાન વિદ્યાર્થીઓના શાંતિપૂર્ણ એકઠા થવાથી થઈ હતી. પરંતુ સોશિયલ મીડિયાના યુગમાં યુવાનોની એકજૂથતાએ તેને જોતજોતામાં રાજયવ્યાપી જન-આંદોલનમાં ફેરવી દીધું. જે રીતે દિલ્હીમાં શિક્ષણ વ્યવસ્થામાં સુધારા માટે સોનમ વાંગચુક અનશન પર બેઠા હતા, તે જ તર્જ પર રાંચીમાં છાત્ર નેતા દેવેન્દ્ર નાથ મહતોએ મોરચો સંભાળ્યો છે. તેઓ ૧૪ મી JPSC પરીક્ષાને તાત્કાલિક રદ કરવા અને ભરતી પ્રક્રિયાની CBI તપાસની માંગ સાથે અચોક્કસ મુદતની ભૂખ હડતાળ પર બેઠા છે.

જેમ જેમ દિવસો વીતી રહ્યા છે તેમ હેમંત સોરેન સરકાર પર વહીવટી અને રાજકીય દબાણ વધી રહ્યું છે. આ




આંદોલનને હવે રાષ્ટ્રીય સ્તરે વિદ્યાર્થીઓના હિતમાં અવાજ ઉઠાવતી 'કોકરોચ જનતા પાર્ટી' નું પણ સમર્થન મળ્યું છે. JPSCના સંસ્થાપકોએ આંદોલનકારી વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરીને તેમની માંગણીઓને યોગ્ય ઠેરવી છે અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોતાનું ઔપચારિક સમર્થન જાહેર કર્યું છે. સોશિયલ મીડિયા પર વિદ્યાર્થીઓ સતત તેમને એક મંચ પર સાથે આવવા અપીલ કરી રહ્યા છે.

આજના યુવાનો હવે માત્ર રૂમમાં બેસીને પુસ્તકો સુધી સીમિત રહેવાના નથી. સોશિયલ મીડિયાની તાકાત અને અધિકારો પ્રત્યેની જાગરૂકતાએ નાના અને મધ્યમ શહેરોના વિદ્યાર્થીઓને પણ પોતાના હક માટે 'જંતર-મંતર' જેવું મંચ તૈયાર કરવાની હિંમત આપી છે. રાંચીનું આ પ્રદર્શન માત્ર પરીક્ષા રદ કરવાની માંગ નથી, પરંતુ સરકારી ભરતી બોર્ડની અનિયમિતતાઓ સામે યુવાનોનો સીધો જંગ છે.







Date- 05/08/2026 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# ફોરેક્સ ટ્રેડિંગમાં મોટા નફાની લાલચ આપી કાપડ વેપારી સાથે રૂ. ૧.૮૨ કરોડની ઠગાઈ




સુરત- ફોરેક્સ ટ્રેડિંગમાં ઊંચા નફાની લાલચ આપીને પાંડેસરાના એક કાપડ વેપારી સાથે ૧.૮૨ કરોડ રૂપિયાથી વધુની સાયબર ઠગાઈનો કેસ સામે આવ્યો છે. ઠગોએ કેપ પ્લેસ નામની બોગસ વેબસાઇટ અને ટેલિગ્રામ બોટ દ્વારા વેપારીનો વિશ્વાસ જીત્યો હતો. શરૂઆતમાં ૯.૪૨ લાખ રૂપિયા પરત આપી વિશ્વાસ કેળવ્યો અને બાદમાં ૧.૮૨ કરોડ રૂપિયા અલગ-અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી લીધા.

પોલીસના જણાવ્યા મુજબ, ઘોડદોડ રોડ ખાતે રહેતા અને પાંડેસરામાં કાપડનો વ્યવસાય કરતા પીડિતે ફેસબુક પર ફોરેક્સ ટ્રેડિંગની એક જાહેરાત જોઈ હતી. જાહેરાતમાં ભારે રિટર્નનો દાવો કરવામાં આવ્યો હતો. લિંક પર ક્લિક કર્યા બાદ તેણે વેબસાઇટ પર મોબાઇલ નંબર, આધાર કાર્ડ અને બેંક ખાતાની માહિતી આપી ટ્રેડિંગ એકાઉન્ટ બનાવ્યું.

ડેનિયલ ડી. નામના વ્યક્તિ સહિત અન્ય લોકોએ અલગ-અલગ મોબાઇલ નંબરોથી સંપર્ક કરી રોકાણ કરવાની સલાહ આપી હતી. તેમજ ટેલિગ્રામના @CapPlace_Account_Manager_bot દ્વારા અલગ-અલગ બેંક ખાતાઓમાં રકમ જમા કરાવવાની સૂચનાઓ આપવામાં આવતી રહી હતી.

વેપારીએ અનેક હપ્તાઓમાં કુલ ૧,૮૨,૯૧,૭૭૩ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા. વેબસાઇટ પર તેના ખાતામાં સતત વધતું બેલેન્સ અને ભારે નફો દર્શાવવામાં આવતો રહ્યો હતો.

વિશ્વાસ વધુ મજબૂત કરવા માટે આરોપીઓએ પહેલા ૯,૪૨,૬૬૪ રૂપિયા ઉપાડવાની મંજૂરી પણ આપી હતી. પરંતુ જ્યારે પીડિતે મોટી રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે ઉપાડ પર રોક લગાવી દેવામાં આવી. ત્યારબાદ વધુ રૂપિયા જમા કરાવવાની માંગ કરવામાં આવી અને અલગ-અલગ બહાના બનાવવામાં આવ્યા, જેના કારણે તેને પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનો અહેસાસ થયો. પીડિતે તાત્કાલિક સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. તેના આધારે સુરત સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધ્યો છે.

## પાંડેસરામાં મન્ટુ ઠાકુરની હત્યા કેસમાં બેની ધરપકડ

# ’તારી પત્ની ભાગી ગઈ’ કહી ટિપ્પણીઓ કરતાં બ્રિજેશે આવેશમાં આવી મિત્રને પતાવી દીધો



**સબક શીખવવાના ઈરાદે બંને મન્ટુને બાઈક પર બેસાડીને વડોદ ગંગાબા ફાર્મ પાસે ઝાડી-ઝાંખરાવાળી ખુલ્લી જગ્યામાં લઈ ગયા હતા.**

સુરત- સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં વડોદ ગંગાબા ફાર્મ નજીક અવાવરૂ જગ્યામાંથી મળી આવેલી અજાણ્યા યુવકની લાશનો ભેદ સુરત ક્રાઇમ બ્રાન્ચે ઉકેલી નાખ્યો છે. મૃતકની ઓળખ મન્ટુ રામબિલાશ ઠાકુર તરીકે થઈ હતી. પત્ની છોડીને જતી રહી હોવાની બાબતે વારંવાર કરાતી મશ્કરી અને ગાળાગાળીની અદાવતમાં તેના જ સાથી કારીગર મિત્રએ અન્ય એક સાથી સાથે મળીને લોખંડના પાઈપના ફટકા મારી હત્યા કરી હોવાનું સામે આવ્યું છે.

મૃતક મન્ટુ ઠાકુર નાવડી એસ્ટેટ ખાતે સાડીના કારખાનામાં હેન્ડ પ્રિન્ટનું કામ કરતો હતો. તેનો સાથી કારીગર બ્રિજેશ કહારની પત્ની તેને છોડીને જતી રહી હતી, જે બાબતે મન્ટુ અવારનવાર બ્રિજેશની મશ્કરી કરતો હતો. બપોરની શિફ્ટ બાદ સાથે જમવા બેઠા ત્યારે પણ મન્ટુએ બ્રિજેશની પત્ની અંગે અભદ્ર ટિપ્પણીઓ કરી ગાળાગાળી કરી હતી. વચ્ચે પડેલા મિત્ર વિજય શ્રીવાસને પણ ગાળો આપતાં બંને આરોપીઓ ઉશ્કેરાયા હતા.

સબક શીખવવાના ઈરાદે બંને મન્ટુને બાઈક પર બેસાડીને વડોદ ગંગાબા ફાર્મ પાસે ઝાડી-ઝાંખરાવાળી ખુલ્લી જગ્યામાં લઈ ગયા હતા. ત્યાં પણ મન્ટુએ ગાળાગાળી ચાલુ રાખતાં ઢીકાપાટુનો માર માર્યો હતો અને બાદમાં લોખંડના પાઈપ વડે માથા, મોઢા અને છાતીના ભાગે ઘાતક પ્રહાર કરી હત્યા કરી નાખી હતી.

ઘટના અંગે પાંડેસરા પોલીસ મથકે ગુનો નોંધાયા બાદ ડીસીપી ભાવેશ રોઝીયાના માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાન્ચે તપાસ હાથ ધરી હતી. ચોક્કસ બાતમીના આધારે નાવડીવાલા એસ્ટેટના નાકેથી (૧) વિજયબહાદુર રામખીલાવન શ્રીવાસ (ઉ.વ. ૩૦) અને (૨) બ્રિજેશ સંતોષભાઈ કહાર (ઉ.વ. ૩૦)ને ઝડપી પાડવામાં આવ્યા હતા.

પકડાયેલો મુખ્ય આરોપી બ્રિજેશ કહાર અગાઉ પણ પાંડેસરા પોલીસ મથકે અપહરણ (IPC કલમ ૩૬૩) અને ઘાતક હથિયારથી ઈજા પહોંચાડવા (IPC કલમ ૩૨૬) જેવા ગંભીર ગુનાઓમાં સંકળાયેલો ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. બંને આરોપીઓએ ગુનાની કબૂલાત કરી લેતાં આગળની કાયદેસરની કાર્યવાહી અર્થે તેમને પાંડેસરા પોલીસ સ્ટેશનને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# એમ્બ્યુલન્સમાં મહિલાની સફળ પ્રસૂતિ કરાવાઈ તાપીના ઉચ્છલમાં ૧૦૮ ટીમે માતા-બાળકનો જીવ બચાવ્યો



તાપી-તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકામાં ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમે સરાહનીય કામગીરી કરી છે. નારણપુર લોકેશનની ૧૦૮ ટીમે સમયસૂચકતા વાપરીને એક સગર્ભા મહિલાની એમ્બ્યુલન્સમાં જ સફળ પ્રસૂતિ કરાવી, જેનાથી માતા અને નવજાત શિશુ બંને સુરક્ષિત રહ્યા.

પ્રાપ્ત વિગતો અનુસાર, ઉચ્છલ તાલુકાના અડગામની એક સગર્ભા મહિલાને અચાનક પ્રસૂતિની અસહ્ય પીડા ઉપડી હતી. પરિવારજનોએ તાત્કાલિક ૧૦૮ ઇમરજન્સી સર્વિસનો સંપર્ક કર્યો હતો.

કોલ મળતા જ નારણપુર લોકેશનની ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સગર્ભા મહિલાને હોસ્પિટલ લઈ જવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી, પરંતુ રસ્તામાં જ મહિલાને પ્રસૂતિની પીડા અતિશય વધી ગઈ, જેથી પરિસ્થિતિ ગંભીર બની હતી.

આ નાજુક સમયે નારણપુર ૧૦૮ એમ્બ્યુલન્સ પર ફરજ બજાવતા પ્રશિક્ષિત EMT મહિમા વલવી અને પાયલોટ પ્રફુલ્લ ચૌધરીએ પોતાની સૂઝબૂઝ વાપરી. તેમણે તાત્કાલિક અમદાવાદ હેડ ઓફિસ ખાતે સ્થિત ERCP ડો. કૃષ્ણા સાથે ટેલિફોનિક સંપર્ક કર્યો. ડોક્ટરના યોગ્ય માર્ગદર્શન અને ટેક્નિકલ સપોર્ટ હેઠળ ૧૦૮ એમ્બ્યુલન્સની અંદર જ કુશળતાપૂર્વક સફળ પ્રસૂતિ કરાવવામાં આવી હતી. એમ્બ્યુલન્સમાં જ બાળકીનો જન્મ થતાં પરિવારમાં રાહતની લાગણી ફેલાઈ હતી.

પ્રસૂતિ બાદ માતા અને નવજાત બાળકની પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી, જેમાં બંનેની તબિયત સંપૂર્ણપણે સામાન્ય અને સ્વસ્થ જણાઈ હતી. વધુ સારવાર અને નિરીક્ષણ માટે તેમને નજીકના ઉચ્છલ CHC (સામૂહિક આરોગ્ય કેન્દ્ર) ખાતે સુરક્ષિત રીતે ખસેડવામાં આવ્યા હતા. હાલ માતા અને બાળક બંને સ્વસ્થ છે. નારણપુર ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમની આ પ્રશંસનીય અને સમયસૂચક કામગીરી બદલ EME મયંક સર તેમજ PM અભિષેક ઠક્કર સર દ્વારા સમગ્ર ટીમની સરાહના કરવામાં આવી હતી. દર્દીના પરિવારજનો અને અડગામના ગ્રામજનોએ પણ ૧૦૮ની આ ઉત્તમ સેવાને બિરદાવી સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## નારી વંદન ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત ‘બેટી બચાવો, બેટી પઢાવો દિવસ‘ની ઉજવણી નિમિત્તે

# ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો





‘બેટી બચાવો, બેટી પઢાવો‘ અભિયાનના સંદેશ સાથે બારડોલી દિવાળી બા ટ્રસ્ટ ખાતે દીકરીઓના શિક્ષણ, મહિલા સુરક્ષા અને સશક્તિકરણ અંગે માર્ગદર્શન અપાયું.

નારી વંદન ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત ‘બેટી બચાવો, બેટી પઢાવો દિવસ‘ની ઉજવણી નિમિત્તે આજે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમ દ્વારા બારડોલી દિવાળી બા ટ્રસ્ટ ખાતે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

‘બેટી બચાવો, બેટી પઢાવો‘ અભિયાનનો મુખ્ય હેતુ દીકરીઓના જન્મ, સુરક્ષા, શિક્ષણ અને સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો છે. દીકરીઓને સમાન અધિકારો, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સુરક્ષિત વાતાવરણ પ્રાપ્ત થાય તેમજ તેઓ આત્મવિશ્વાસ સાથે જીવનમાં આગળ વધી સમાજના વિકાસમાં સમાન ભાગીદાર બને તે માટે સમાજમાં જાગૃતિ લાવવાનો સંદેશ આપવામાં આવ્યો.

**ઘરેલુ હિસા, છેડતી, શોષણ, સાયબર ગુનાઓ સહિતની કટોકટીની પરિસ્થિતિમાં ઉપલબ્ધ ૨૪૯૭ નિઃશુલ્ક ઇમરજન્સી પ્રતિસાદ, કાઉન્સેલિંગ, પોલીસ, કાનૂની તથા અન્ય જરૂરી સહાય સેવાઓ અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપવામાં આવી.**

કાર્યક્રમ દરમિયાન ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમ દ્વારા ઘરેલુ હિંસા, છેડતી, શોષણ, સાયબર ગુનાઓ સહિતની કટોકટીની પરિસ્થિતિમાં ઉપલબ્ધ ૨૪X૭ નિ:શુલ્ક ઇમરજન્સી પ્રતિસાદ, કાઉન્સેલિંગ, પોલીસ, કાનૂની તથા અન્ય જરૂરી સહાય સેવાઓ અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપવામાં આવી.

વિદ્યાર્થીઓને મહિલા સુરક્ષા અંગે જાગૃત રહેવા, પોતાના અધિકારો વિશે માહિતગાર બનવા તેમજ જરૂરિયાતના સમયે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનની સેવાઓનો નિ:સંકોચ ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લઈ *‘બેટી બચાવો, બેટી પઢાવો‘*ના સંદેશને જન-જન સુધી પહોંચાડવાનો તથા મહિલા સશક્તિકરણ માટે સજાગ રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. આ જાગૃતિ કાર્યક્રમ દ્વારા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમે ‘બેટી બચાવો, બેટી પઢાવો‘ અભિયાનના ઉદ્દેશોને વધુ મજબૂત બનાવવાની સાથે વિદ્યાર્થીઓમાં દીકરીઓના શિક્ષણ, મહિલા સુરક્ષા અને સશક્તિકરણ અંગે અસરકારક જાગૃતિ ફેલાવી હતી.

# નિઝર પોલીસે એક વર્ષથી ફરાર આરોપીને ઝડપ્યો:લાખોની છેતરપિંડી કેસમાં આરોપીની હરિયાણાથી ધરપકડ કરાઈ



તાપી (વ્યારા)- નિઝર પોલીસે એક વર્ષથી નાસતા-ફરતા આરોપી રાજેશભાઈ પન્નાલાલ ગુપ્તાને હરિયાણાના પાનીપતથી ઝડપી પાડ્યો છે. આરોપી સામે લાખો રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધાયો હતો.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, આ કેસ નિઝર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી ’રાધેશ્યામ પ્રોટીન પ્રાઇવેટ લિમિટેડ’ (સરવાળા, તા. નિઝર) નામની પેઢી સાથે સંબંધિત છે.

આરોપી રાજેશભાઈ પન્નાલાલ ગુપ્તાએ ફરિયાદીની પેઢીમાંથી કપાસની ગાંસડીઓની ખરીદી કરી હતી. તેણે શરૂઆતમાં બે ગાડીઓનું પેમેન્ટ ચૂકવી ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કર્યો હતો.

ત્યારબાદ, તારીખ ૨૨ નવેમ્બર, ૨૦૨૩ ના રોજ કપાસની ગાંસડીઓ ભરેલી ગાડીનું રૂપિયા ૪૧,૩૬,૮૮૧નું બિલ થયું હતું. જેમાંથી આરોપીએ માત્ર રૂપિયા ૧૦,૧૦,૦૦૦ ચૂકવ્યા હતા અને બાકીના રૂપિયા ૨૮,૪૭,૨૦૮ પરત ન આપીને વિશ્વાસઘાત અને ઠગાઈ આચરી હતી. ગુનો આચર્યા બાદથી જ આરોપી રાજેશભાઈ પન્નાલાલ ગુપ્તા પોલીસ પકડથી બચવા માટે નાસતો ફરતો હતો. બાતમીના આધારે પંજાબ અને હરિયાણામાં તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન આરોપી હરિયાણાના પાનીપત ખાતે છુપાયો હોવાની ચોક્કસ બાતમી મળી હતી.

આ બાતમીના આધારે પોલીસે હરિયાણાના પાનીપત ખાતેથી આરોપીને સફળતાપૂર્વક ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની અટકાયત કરી કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મહુવાના યુવકનું કોતરમાં ડૂબી જવાથી મોત

# ભારે વરસાદને કારણે પાણીનું વહેણ વધતા બન્યો બનાવ, ભેંસો ચરાવવા યુવક ગયો હતો




મહુવા (સુરત)- સુરત જિલ્લાના મહુવા તાલુકામાં એક કરુણ ઘટના બની છે. ભુતાડ ફળિયાના ૨૫ વર્ષીય યુવક પ્રકાશભાઈ અરવિંદભાઈ રવજીભાઈ હળપતિનું કોતરમાં તણાઈ જવાથી મોત થયું છે. તેઓ ભેંસો ચરાવવા ગયા હતા ત્યારે ઉપરવાસમાં ભારે વરસાદને કારણે પાણીનું વહેણ અચાનક વધી ગયું હતું.

મળતી માહિતી મુજબ, પ્રકાશભાઈ હળપતિ ઈરફાન સઇદ શેખની ભેંસો ચરાવવા માટે બીડ ફળિયાના ગૌચર વિસ્તારમાં ગયા હતા. આ દરમિયાન, ઉપરવાસમાં થયેલા ધોધમાર વરસાદને કારણે નજીકના કોતરમાં પાણીની આવક એકાએક વધી ગઈ હતી અને વહેણ અત્યંત ઝડપી બન્યું હતું.

ગૌચર નજીક આવેલ કોતરના ઊંડા પાણીમાં પ્રકાશભાઈ તણાઈ જતાં ડૂબી જવાથી તેમનું મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે મૃતકના સગાં ભીખીબેન રાજુભાઈ મગનભાઈ હળપતિ (ઉં.વ. ૪૫) દ્વારા મહુવા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદઃ વૈભવ ભટ્ટ ગુજરાત ટેકનોલોજીકલ ના કાર્યકારી કુલપતિ તરીકે નિયુક્ત, કાયમી નિમણૂક સુધી સંભાળશે ચાર્જ



ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી ના નવા કાર્યકારી કુલપતિ તરીકે સ્કૂલ ઓફ એપ્લાઇડ સાયન્સના ડિરેક્ટર ડો. વૈભવ ભટ્ટની નિમણૂક કરાઈ છે. યુનિવર્સિટીમાં નવા કાયમી કુલપતિની નિમણૂક પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓ આ જવાબદારી સંભાળશે. વહીવટી અને શૈક્ષણિક કાર્ય સુચારુ રૂપે ચલાવવા આ નિર્ણય લેવાયો છે. ડો. ભટ્ટ પાસે વહીવટી ક્ષેત્રનો બહોળો અનુભવ છે.

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી ના નવા કાર્યકારી કુલપતિ તરીકે સ્કૂલ ઓફ એપ્લાઇડ સાયન્સના ડિરેક્ટર ડો. વૈભવ ભટ્ટની નિમણૂક કરવામાં આવી છે. યુનિવર્સિટીમાં નવા કાયમી કુલપતિની નિમણૂક પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓ આ કાર્યકારી કુલપતિ તરીકેની જવાબદારી સંભાળશે.

ઉલ્લેખનીય છે કે, યુનિવર્સિટીના વહીવટી અને શૈક્ષણિક કાર્યકાળને સુચારુ રૂપે ચલાવવા માટે આ નિમણૂક કરવામાં આવી છે. ડો. વૈભવ ભટ્ટ અગાઉથી જ ઝઝની સ્કૂલ ઓફ એપ્લાઇડ સાયન્સમાં ડિરેક્ટર તરીકે સેવા આપી રહ્યા છે અને તેમની પાસે વહીવટી ક્ષેત્રનો બહોળો અનુભવ છે. હવે તેઓ કાયમી કુલપતિની પસંદગી ન થાય ત્યાં સુધી યુનિવર્સિટીના વડા તરીકેનું સુકાન સંભાળશે.

# ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

### 'એ-વન' છે કહેવાતી 'ઝેન-ઝેડ' :સોશિયલ મીડિયા પર તેમને 'ઢૂંઢતે રહ જાઓગે'

તાજેતરમાં ૫૦ દેશોના ૨.૫ લાખ સોશ્યલ મીડિયા યુઝર્સ પર કરવામાં આવેલા એક સર્વેમાં જાણવા મળ્યું હતું કે સોશ્યલ મીડિયાનો ઉપયોગ ૧૦ ટકા જેટલો ઘટ્યો છે. તેમાંય અચંબો પમાડે એવી વાત એ હતી કે આ માધ્યમથી દૂર થનારાઓમાં સૌથી વધુ યુવાનો/યુવતીઓ હતાં. આ વાત તો 'કહતા ભી દીવાના ઔર સુનતા ભી દીવાના' જેવી લાગે. જે પેઢીને એક કલાક પણ સોશ્યલ મીડિયા વિના ન ચાલતું હોય એ જનરેસન તેનાથી અચાનક દૂર થઈજાય એવું સી રીતે બને. જો કે સંબંધિત રિપોર્ટમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે આ પ્લેટફોર્મ વારંવાર ખલેલ પહોંચાડતી જાહેરખબરો, અવિરત આવતી રહેતી રીલ્સ તેમ જ એઆઈથી પેદા તયેલા કન્ટેન્ટથી કંટાળીને યુવાપેઢી સોશ્યલ મીડિયાતી આઘી ભાગી રહી છે. પરંતુ ખણખોદ કરતાં આ વાત સાવ ખોટી નીકલી. બલ્કે તેના સ્થાને જે રહસ્ય ઉઘડયું તે ખરેખર રસપ્રદ છે. વાસ્તવમાં જેન -ઝેડ (૧૯૯૭ થી ૨૦૧૨ વચ્ચે જન્મેલી પેઢી) ની સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરવાની રીત બદલાઈ છે. આવો જાણીએ કે તેઓ હવે સોશ્યલ મીડિયા પર શી રીતે રહે છે.

સોશ્યલ મીડિયાથી નહીં અને ફેસબુક, ટ્વીટર (હવે એક્સ) કે ઈન્સ્ટાગ્રામ પર ન જોનારા અમારા વિશે એમ કહેવા લાગ્યાં છે કે અમે સોસ્યલ મીડિયા પર સક્રિય નથી. પરંતુ અમારા વિશે ધારી લેવામાં આવેલી જીરો પોસ્ટિંગની વાત શતપ્રતિશત ખોટી છે. ઈન્સ્ટાગ્રામની જે પોસ્ટમાં પોસ્ટિંગ ઝીરો ટ્રેન્ડની વાત કરવામાં આવી છે તેને ૨૦૦ લાઈક પણ નથી મળી. હવે તમે જ કહો કે અમે સોશ્યલ મીડિયાથી આઘા રહેતાં હોઈએ તો આવી પોસ્ટને માત્ર આટલી જ લાઈક્સ મળે ખરી? હકીકતમાં અમે અમારા પ્રોફાઈલ પર જોવા મળતી ફીડ પોસ્ટ, એટલે કે મુખ્ય પોસ્ટના સ્થાને ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર વધુ સક્રિય છીએ. અહીં મૂકવામાં આવતી સ્ટોરી ચોવીસ કલાકમાં ગાયબ થઈ જાય છે. અમને જે સ્ટોરી વધુ ગમે તે હાઈલાઈટ કરીએ. હા, કેટલાંક લોકો પોતાને કૂલ અને રહસ્યમયી દેખાડવા ઝીરો પોસ્ટના ટ્રેન્ડ પર ચાલે છે. પરંતુ ખરેખર તો અમારો ઓરા (માહોલ) બદલાઈ રહ્યો છે. જે કરવાથી અમને મોજ પડે તે અમે અચૂક કરીએ છીએ. જો અમને તેનાથી પણ વધુ ખુશી આપતું કંઈક મળી જશે તો અમે એ તરફ વળી જઈશું.

આ નવી પેઢી ભલે 'ઝેડ' કહેવાતી હોય. હકીકતમાં 'એવન' છે. આ યુવાનો અને યુવતીઓ ચૂપકે ચૂપકે બધાને ચકરાવે ચડાવી રહ્યાં છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે હવે તેઓ સોશ્યલ મીડિયા પર વધુ ફોક્સ્ડ છે. તેમની પાસે એક નહીં, ત્રણ - ત્રણ અકાઉન્ટ છે. અને આ ત્રણ અકાઉન્ટ રાખવા પાછળની તેમની ગણતરી પણ લાજવાબ છે. તેઓ એક અકાઉન્ટ માતાપતા અને પરિવારજનો માટે, બીજો મિત્રો અને ત્રીજો અજાણ્યાઓ માટે રાખે છે. અને આ ત્રણે અકાઉન્ટ તેઓ સીફતપૂર્વક સંભાળે છે. તેઓ ફેમિલી અકાઉન્ટમાં મિત્રોને બ્લોક રાખે છે. જેથી તેમના પરિવારમાંથી કોઈ તેમના નાનપણમાં ફોટા મૂકે અથવા અન્ય એવી કોઈ વાત પોસ્ટ કરે તોય તેમના ફ્રેન્ડ્સ તેમને ટ્રોલ ન કરી શકે. જ્યારે મિત્રો માટેના અકાઉન્ટમાં પરિવારજનોની બાદબાકી રહે છે. અહીં તેઓ દોસ્તીમાં શેર કરી શકાય એવી જ પોસ્ટ મુકે છે. જ્યારે ત્રીજું અકાઉન્ટ ગુસ્સો ઠાલવા કે ટ્રોલ કરવા માટે હોય છે, અને તે પણ બનાવટી નામે. અહીં તેઓ કોઈને પણ બિનધાસ્ત બનીને ટ્રોલ કરે ચે. વળી અહીં તેમને ઓળખ નકલી હોવાથી નોકરી માટે અરજી કરે તોય તેમની ડિજિટલ હિસ્ટ્રીમાં એવું કંઈ જોવા ન મળે જે તેમની છબિ ખરડે.

૧૭ વર્ષીય સાગરે જણાવ્યું તેમ તેઓ ફેસબુક, એક્સ કે ઈન્સ્ટાગ્રામ પર ખાસ સક્રિય નથી રહેતા. તેમણે સોશ્યલ મીડિયા પર સક્રિય રહેવા માટે પ્લેટફોર્મ બદલ્યાં છે અને આ ચે તેમના ગુપ્ત પ્લેટફોર્મ.

સ્નેપચેટ : અહીં ચેટ અને સ્ટોરીઝ આપોઆપ ગાયબ થઈ જતી હોવાથી જેન-ઝેડ ને વધુ પ્રાઈવસી મળે છે. સાથે સાથે લાઈક્સ અને ફોલોઅર્સનું સ્ટ્રેસ નથી હોતું તે છોગામાં.

રેડિટ : અહીં તેઓ પોતાની પસંદગીની કમ્યુનિટીમાં સામેલ થઈ શકે છે. પોતાની ઓળખ છૂપી રાખીને કોઈની પણ સાથે પર્સનલ ચેટ કે ઓપનલી ગમે તે ચર્ચા કરી શકે છે.

ડિસ્કોર્ડ : આ પ્લેટફોર્મ જે તે વ્યક્તિ પોતાનું સર્વર બનાવી શકે. તેના પર નિયમો પણ તેના પોતાના હોય અને અંકુશ પણ પોતાનો.

## ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

## ખેડૂતો માટે રાહતભરી આગાહી! હાલમાં ગુજરાત પરથી વરસાદી વાદળો દૂર થયા, ૬ દિવસ છૂટા છવાયા ઝાપટાં પડી શકે

ગુજરાતમાં જળબંબાકાર બાદ હવે વરસાદનું જોર ઘટ્યું છે. હવામાન વિભાગે ૩ થી ૯ ઓગસ્ટ દરમિયાન રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. ૪-૫ ઓગસ્ટે મહીસાગર, પંચમહાલ સહિત દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના છૂટાછવાયા સ્થળોએ વરસાદ રહેશે.



૬ થી ૯ ઓગસ્ટ દરમિયાન મોટાભાગના જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવો વરસાદ થવાની સંભાવના છે.

ગુજરાતમાં જળબંબાકારની સ્થિતિ બાદ હવે રાજ્યમાં વરસાદનું જોર ઘટતું જોવા મળી રહ્યું છે. રાજ્યમાં ૩ ઓગસ્ટથી આગામી ૯ ઓગસ્ટ સુધી હવામાન વિભાગે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આમ, આગામી ૬ દિવસ રાજ્યમાં હળવો વરસાદી માહોલ રહેશે.

## અતિવૃષ્ટીમાં જમીનદોસ્ત બાગાયતી વૃક્ષો ફરી બનશે લીલાછમ

# તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ કૃષિ વૈજ્ઞાનિક દ્વારા ખેતરોમાં પહોચી પ્રત્યક્ષ તાલીમ આપવાનું શરૂ

**બારડોલી-** દક્ષિણ ગુજરાતમાં કુદરતી આફત અને ભારે વરસાદના કારણે ખેડૂતોની વર્ષોની મહેનતથી ઉછેરેલી લીલીછમ વાડીઓમાં બાગાયતી કલમો અને વૃક્ષો જમીનદોસ્ત થતાં ખેડૂતો ભારે ચિંતામાં મુકાયા છે. જોકે, આ કટોકટીના સમયે ખેડૂતોએ નિરાશ થવાની જરૂર નથી.

કૃષિ નિષ્ણાતોના મતે જો ધરાશાયી થયેલા કે નમેલા વૃક્ષોના મૂળ હજુ પણ જમીન સાથે જોડાયેલા હોય, તો વૈજ્ઞાનિક પદ્ધતિ અને યોગ્ય માવજત દ્વારા તેમને ફરી જીવંત કરવા શક્ય છે. ખેડૂતોની મહેનત એળે ન જાય તે માટે રાજ્ય સરકાર અને નવસારી કૃષિ યુનિવર્સિટી ખેડૂતોની વહારે આવ્યા છે.

કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના આદેશ બાદ બાગાયત વિભાગ અને નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોની સંયુક્ત ટીમો પાણી ઓસરવાની રાહ જોયા વિના ગત શુક્રવારથી ચાલુ વરસાદે ખેતરોમાં પહોંચી રહી છે. હાલ વલસાડ, નવસારી, સુરત, ડાંગ અને તાપી જિલ્લાના અસરગ્રસ્ત ગામોમાં વૈજ્ઞાનિકો રૂબરૂ જઈને પ્રત્યક્ષ ડેમોન્સ્ટ્રેશન દ્વારા ખેડૂતોને માવજતની તાલીમ આપી રહ્યા છે.

**ઝાડને ધીમે-ધીમે ઊભું કરવું :** આડી પડી ગયેલી કલમને અચાનક કે જોરથી ઊભી ન કરવી, નહીંતર મૂળ તૂટી જશે. ધીમે-ધીમે ઊભી કરી વચ્ચે ૧૦ સેકન્ડનો વિરામ લઈ ફરી પ્રયાસ કરવો.

**ડાળીઓની છાંટણી :** ઈજાગ્રસ્ત વૃક્ષનો ખોરાક વપરાશ ઘટાડવા લાંબી અને નમી ગયેલી ડાળીઓ કાપી મર્યાદિત પાંદડાં રાખવા. ટૂંક જ સમયમાં નવી ફૂટ નીકળશે.



**ફૂગનાશક પેસ્ટઃ** કાપેલી ડાળીઓના ખુલ્લા ભાગ પર કોપર ઓક્સિક્લોરાઇડ ની પેસ્ટ લગાવવી. તેમાં રહેલું 'ઓક્સિજન તત્વ ડાળીને સડતી અટકાવી નવી ફૂટ લાવશે.

**જમીન અને મૂળની સઘન સારવારઃ** ચોમાસામાં છાણિયા ખાતરને બદલે ૧ કિલો વર્મી કમ્પોસ્ટમાં ૫૦ ગ્રામ કાર્બેન્ડાઝીમ પાવડર મિક્સ કરી, ૪-૫ દિવસ પલટાવી થળ આસપાસ દાટી દેવું. મૂળમાં કોહવાટ રોકવા ૨૦૦ લિટર પાણીમાં ૧ કિલો ટ્રાયકોડર્મા અને ૨ કિલો યુરિયા ભેળવી દર કલમ દીઠ ૧ લિટર મિશ્રણ આપવું. આ પ્રક્રિયા મહિનામાં ૨ થી ૩ વાર કરવી. - ડૉ. અંકુર પટેલ, સહસંશોધન વૈજ્ઞાનિક

તાઉતે વાવાઝોડામાં ધરાશયી ૮૦% આંબા ફરી જીવંત થયા નવસારીના ઘેજ ગામના ખેડૂત મોહનભાઈ પટેલે પોતાનો અનુભવ શેર કરતા જણાવ્યું કે, તાઉતે વાવાઝોડા વખતે તેમની વાડીમાં અનેક આંબા ધરાશાયી થયા હતા. વૈજ્ઞાનિકોના માર્ગદર્શનથી ઝાડોને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કર્યો, જેના પરિણામે ૭૦ થી ૮૦ ટકા આંબા ફરી બેઠા થઈ ગયા હતા અને આજે એ ઓળખવા પણ મુશ્કેલ છે કે ક્યા ઝાડ પડી ગયા હતા.

### માતા-પિતાએ હોમવર્કનું કહેતાં ધો-૭ નો વિદ્યાર્થીનો પંખે લટકી ગયો

## એકના એક દીકરાના મોતથી પરિવારનું હૈયાફાટ રુદન; સુરતમાં મોબાઇલની લત જીવલેણ બની



સુરત-સુરત શહેરમાં મોબાઈલના લતનો એક અત્યંત કરુણ અને આંખ ઉઘાડનારો કિસ્સો સામે આવ્યો છે. શહેરના વેડ રોડ વિસ્તારમાં આવેલી લક્ષ્મીનગર સોસાયટીમાં રહેતા અને ધોરણ-૭માં અભ્યાસ કરતા ૧૩ વર્ષીય વિદ્યાર્થીએ માત્ર માતા-પિતાએ મોબાઇલ જોતા હોમવર્ક કરવાનું કહેતા જ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. પરિવારના એકના એક લાડકવાયા દીકરાના આ અંતિમ પગલાંથી સમગ્ર વિસ્તારમાં ભારે શોકની કાલિમા છવાઈ ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત સાંજે આશરે ૬:૩૦ વાગ્યાના સુમારે આ કરુણ ઘટના ઘટી હતી. વિદ્યાર્થી આખો દિવસ મોબાઇલમાં વ્યસ્ત રહેતો હોવાથી માતા-પિતાએ તેને પ્રેમથી ફોન બાજુ પર મૂકીને શાળાનું હોમવર્ક કરવા માટે જણાવ્યું હતું. જોકે, મોબાઇલ ગેમિંગની લતમાં ડૂબેલા માસૂમ બાળકને આ વાતનું ભારે માઠું લાગી આવ્યું હતું. આવેશમાં આવીને તેણે ઘરના રૂમમાં દુપટ્ટા વડે પંખા સાથે ફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું.

## જામનગરના ધારારનગરમાં સગીરા પર દુષ્કર્મનો આરોપ : સગીર શખ્સ વિરુદ્ધ પોક્સો હેઠળ ગુનો નોધાયો



જામનગર શહેરના ધારારનગર વિસ્તારમાં રહેતી આશરે ૧૪ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચરાયાની ગંભીર ઘટના પ્રકાશમાં આવતા ચકચાર મચી છે. સગીરાની માતાની ફરિયાદના આધારે સિટી બી ડિવિઝન પોલીસે એક સગીર આરોપી સામે પોક્સો સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, ધારારનગર વિસ્તારમાં રહેતી સગીરા પર તે જ વિસ્તારમાં રહેતા એક સગીર શખ્સ દ્વારા અવારનવાર દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સમગ્ર ઘટનાની જાણ સગીરાએ પોતાની માતાને કરતાં માતાએ સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે પોલીસે પોક્સો કાયદા સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી આરોપી સગીરની શોધખોળ શરૂ કરી છે. સાથે જ પીડિતાનું નિવેદન સહિતની જરૂરી કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઘટના ક્યા સંજોગોમાં બની અને તેમાં અન્ય કોઈ પાસા સંકળાયેલા છે કે નહીં તે સહિતના તમામ મુદ્દાઓની સિટી બી. ડિવિઝન પોલીસની ટીમ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.

### ઉપરવાસમાં ભારે વરસાદથી સતત બીજા દિવસે અઢી લાખ ક્યુસેક આવક

## ઉકાઈ ડેમમાં ઉપરવાસથી ૨ દિવસમાં ૨૫% પાણી આવતાં ડેમ ૬૬% ભરાયો

સુરત-દક્ષિણ ગુજરાત માટે જીવાદોરી સમાન ઉકાઈ ડેમના કેચમેન્ટ સહિત ઉપરવાસમાં બે દિવસમાં પડેલા ભારે વરસાદને કારણે ડેમમાં ઈનફ્લો હેવી છે. સરેરાશ અઢી લાખ ક્યુસેક આવકને પગલે ૨ દિવસમાં જ ડેમની જળસપાટીમાં ૧૨ ફૂટનો જંગી વધારો નોંધાયો હતો.

આ સાથે જ ડેમની સપાટી ૩૩૧ ફૂટ નજીક પહોંચી છે, જે ઓગસ્ટના રૂલ લેવલ ૩૩૫ ફૂટથી માત્ર ૪ ફૂટ દૂર છે. બે દિવસ પહેલાં ડેમ ૩૮ ટકા જ ભરાયેલો હતો. પરંતુ ૪૮ કલાકમાં હેવી ઈનફ્લો રહેતા ૨૫ ટકા પાણી ઠલવાઈ ગયું છે અને હાલ ડેમ કુલ ક્ષમતાના ૬૫ ટકા ભરાઈ ચૂક્યો છે.

જો કે, હાલ ઉપરવાસમાં વરસાદનું જોર થોડું ઘટતાં ઈનફ્લોમાં આંશિક ઘટાડો નોંધાયો છે. આમ છતાં મહારાષ્ટ્રના પ્રકાશા ડેમમાંથી હાલ પણ ૧.૮૯ લાખ ક્યુસેક જંગી આવક ચાલુ છે.



એક હાઈડ્રો યુનિટ શરૂઃ ડેમની સપાટી ૩૩૦ ફૂટની મહત્વપૂર્ણ મર્યાદા વટાવી જતાં આ સિઝનમાં પહેલીવાર પાણીનો તબક્કાવાર નિકાલ કરવાનો નિર્ણય લેવાયો છે. તંત્રએ એક હાઇડ્રો પાવર યુનિટ કાર્યરત કરીને તાપીમાં ૬૫૦૦ ક્યુસેક ડિસ્ચાર્જ શરૂ કર્યો છે. જળસપાટી ૩૩૧ ફૂટે પહોંચતા આગામી દિવસોમાં જરૂરિયાત મુજબ બીજા બે યુનિટ પણ શરૂ થઈ શકે છે. જો ઉપરવાસમાંથી આ જ રીતે સતત ઈનફ્લો ચાલુ રહેશે તો ડેમના દરવાજા ખોલીને વધુ માત્રામાં પાણી છોડાઈ શકે છે, જેથી તાપી નદીના કાંઠાના વિસ્તારોને એલર્ટ મોડ પર રાખવામાં આવ્યા છે.

### તાપીમાં ૨૫૦ મહિલા ખેડૂતોની મંડળી દ્વારા પ્રાયોગિક તાલીમ અને પ્રોત્સાહન

## પ્રાકૃતિક ખેતીથી જમીનની જળગ્રહણ શક્તિમાં સકારાત્મક પરિવર્તન

તાપી (વ્યારા)- તાપી જિલ્લામાં પ્રાકૃતિક ખેતી એક લોકચળવળ બની રહી છે. રાસાયણિક ખાતરોના ઉપયોગથી થતી જમીનની ફળદ્રુપતા અને માનવ સ્વાસ્થ્ય પરની વિપરીત અસરોને ધ્યાનમાં રાખીને, હવે મોટા પાયે પ્રાકૃતિક ખેતી અપનાવવામાં આવી રહી છે. આ પ્રવાહમાં સોનગઢ તાલુકાના સિંગપુર વિભાગ પ્રાકૃતિક ખેતી સહકારી મંડળીની ૨૫૦ થી વધુ મહિલા ખેડૂતો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. છેલ્લા ચાર વર્ષમાં 'આત્મા' પ્રોજેક્ટ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારાના સંયુક્ત પ્રયાસોથી એક લાખથી વધુ ખેડૂતો અને કૃષિ સાથે સંકળાયેલા નાગરિકોએ પ્રાકૃતિક ખેતીની તાલીમ મેળવી છે. જેના પરિણામે, જિલ્લાના આશરે ૨૫,૦૦૦ ખેડૂતોએ સફળતાપૂર્વક પ્રાકૃતિક ખેતી અપનાવી છે.





સિંગપુર વિભાગ પ્રાકૃતિક ખેતી સહકારી મંડળીની બહેનો આસપાસના આઠ ગામોમાં સતત ક્ષેત્રિય મુલાકાતો યોજી ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા સક્રિય અભિયાન ચલાવી રહી છે.તેઓ માત્ર મૌખિક માર્ગદર્શન જ નહી ,પરંતુ ખેતરોમાં રૂબરૂ જઈને જીવામૃત, ઘનજીવામૃત અને બીજામૃત તૈયાર કરવાની પ્રાયોગિક તાલીમ પણ પૂરી પાડે છે. આ મંડળીએ જૂના દેશી બિયારણોના સંવર્ધનથી લઈને પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદિત થતા અનાજ અને શાકભાજીના સ્થાનિક સ્તરે ખરીદ-વેચાણ સુધીની સમગ્ર સાંકળને વ્યવહારિક સ્વરૂપ આપ્યું છે. આ રીતે, પ્રાકૃતિક ખેતીને સચોટ વ્યવહારિક સ્વરૂપ આપીને ખેડૂતોને આર્થિક રીતે પણ સક્ષમ બનાવવામાં આવી રહ્યા છે.

મંડળીના પ્રમુખ ભદ્રાબેન ગામીતે જણાવ્યું હતું કે 'પ્રાકૃતિક ખેતી હવે વિકલ્પ નહીં ,અનિવાર્ય જરૂરિયાત છે.' તેમણે પોતાના સંઘર્ષ અને સિદ્ધિ વિશે વાત કરતાં કહ્યું કે ,વર્ષ ૨૦૧૯ માં 'આત્મા' પ્રોજેક્ટ અને કે.વી.કે. વ્યારાના માર્ગદર્શન હેઠળ તાલીમ મેળવી તેમણે પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. તે જ વર્ષે ગામની બહેનોને સંગઠિત કરીને 'સિંગપુર વિભાગ પ્રાકૃતિક ખેતી સહકારી મંડળી'ની સ્થાપના કરી, જેમાં આજે ૨૫૦થી વધુ મહિલા ખેડૂતો જોડાઈને પ્રચાર-પ્રસાર કરી રહી છે.

Date- 05/08/2026 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## કડોદરા GIDC પોલીસે ગેરકાયદેસર હથિયાર સાથે એકને પકડ્યોઃ તાતીથૈયા ગામમાંથી દેશી પિસ્તલ અને મેગેઝીન જપ્ત



બારડોલી- સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષકની સૂચના મુજબ, કડોદરા GIDC પોલીસે ગેરકાયદેસર હથિયારો વિરુદ્ધની કાર્યવાહીમાં એક વ્યક્તિને ઝડપી પાડ્યો છે. તાતીથૈયા ગામમાંથી દેશી બનાવટની પિસ્તલ અને ખાલી મેગેઝીન સાથે આ ઇસમની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસને બાતમી મળી હતી કે તાતીથૈયા ગામ વિસ્તારમાં એક શંકાસ્પદ ઇસમ ગેરકાયદેસર હથિયાર સાથે ફરી રહ્યો છે. આ બાતમીના આધારે, પોલીસે ખોડિયાર નગર, તાતીથૈયા ગામ, સોની પાર્ક-૦૨ નજીક શ્રી પેલેસની બાજુમાં આવેલી એક બંધ બિલ્ડીંગ સામે વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન બાતમી મુજબના વર્ણનવાળા ઇસમને ઝડપી પાડી પંચોની હાજરીમાં તેની અંગઝડતી લેવામાં આવી હતી.

અંગઝડતી દરમિયાન, પકડાયેલા ઇસમ પાસેથી કુલ રૂ.૨૦,૩૨૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જેમાં ૧ દેશી હાથ બનાવટની પિસ્તલ (કિંમત રૂ.૨૦,૦૦૦), ૧ ખાલી મેગેઝીન (કિંમત રૂ.૨૦૦) અને રૂ.૧૨૦/- રોકડ રકમનો સમાવેશ થાય છે.

સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ ગેરકાયદેસર હથિયારો અને દારૂગોળાની પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા માટે કડોદરા GIDC પોલીસ દ્વારા સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ કાર્યવાહી તે પ્રયાસોનો જ એક ભાગ છે.

### કામરેજ-ઓલપાડ વાહન ચોરીનો ફરાર આરોપી ઝડપાયો

## સુરત LCBએ તૌસીફ ઉર્ફે લાલુને આંબોલી ચાર રસ્તા પાસેથી પકડ્યો



બારડોલી- સુરત જિલ્લામાં વાહન ચોરીના ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપી તૌસીફ ઉર્ફે લાલુને સુરત જિલ્લા LCB અને પેરોલ ફર્લો સ્ક્વોડે ઝડપી પાડ્યો છે. આ આરોપી કામરેજ અને ઓલપાડ વિસ્તારમાં નોંધાયેલા વાહન ચોરીના ગુનાઓમાં સંડોવાયેલો હતો.

સુરત ગ્રામ્ય વિસ્તારમાં ગુનાખોરી ડામવા માટે LCB પોલીસ ઇન્સ્પેક્ટર એન.જી. પાંચાણીના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન LCB સ્ટાફના હેડ કોન્સ્ટેબલ વિક્રમ સગરામભાઈ અને મહેશ ચંદુભાઈને ચોક્કસ બાતમી મળી હતી.

બાતમીના આધારે, આરોપી તૌસીફ ઉર્ફે લાલુ આંબોલી ચાર રસ્તા પાસે ઉભો હોવાની માહિતી મળી હતી. આથી પીએસઆઈ એ.એન. ચૌહાણ અને તેમની ટીમે ત્યાં વોચ ગોઠવીને આરોપીને ઝડપી પાડ્યો હતો.

પકડાયેલા આરોપી તૌસીફ ઉર્ફે લાલુની પૂછપરછ કરતા તેણે તેના અન્ય સહઆરોપીઓ સાથે મળીને ઓલપાડ અને કામરેજ વિસ્તારમાંથી મોટરસાયકલ ચોરી કર્યાની કબૂલાત કરી હતી. તે લાંબા સમયથી પોલીસ પકડથી દૂર હતો. પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ માટે તેને કામરેજ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. અન્ય કામગીરીની વાત કરીએ તો તાજેતરમાં કોસંબા પોલીસ સ્ટેશનમા વિદેશીદારૂના ગુનાઓમાં સંડોવાયેલ નાસતો ફરતો આરોપી ધર્મેન્દ્ર ઉર્ફે ધર્મેશ ઉર્ફે ધમો ઠાકોરભાઈ વસાવા રહે.કઠવાડા તા.માંગરોલ જી.સુરત નાનો કીમગામે ઓવરબ્રીજ ઉતરતા સર્કલ પાસે ઉભેલ છે. જે ચોક્કસ બાતમી હકિકતના આધારે તાત્કાલીક હકિકતવાળી જગ્યાએ તપાસ કરી ઉપરોક્ત નાસતા ફરતા આરોપીને ઝડપી પાડેલ અને ગુના સબંધમા સઘન પુછપરછ દરમ્યાન કોસંબા પોલીસ સ્ટેશનમા વિદેશીદારૂના ગુનાઓમા નાસતો ફરતો હોવાની હકિકત જણાઈ આવતા વધુ તપાસ અર્થે કીમ પોલીસ સ્ટેશન ખાતે સુપ્રત કર્યો હતો.

### ૧૧૭ ગામના પૂર પિડીત ૬૦૧૦ પરિવારોનું સરવે

## તંત્ર દ્વારા જિલ્લામાં ૧૩૬ ટીમ મેદાને ઉતારાઇ, માંગરોળ-ઓલપાડ સૌથી વધુ પ્રભાવિત



બારડોલી- સુરત જિલ્લામાં તાજેતરમાં થયેલા ભારે વરસાદ અને પૂરની સ્થિતિ બાદ હવે તંત્ર દ્વારા રાહત-બચાવ બાદ પુન:વસન અને નુકસાનીના આકલન પર ભાર મૂકવામાં આવ્યો છે. જિલ્લા પંચાયત દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં નુકસાનીનો કાસ કાઢવા યુદ્ધના ધોરણે સર્વે કામગીરી હાથ ધરવામાં આવી છે.

સમગ્ર જિલ્લાના ૧૧૭ ગામોના અંદાજે ૬૦૧૦ અસરગ્રસ્ત પરિવારો સુધી પહોચવા માટે કુલ ૧૩૬ વિશેષ ટીમો તૈનાત કરી દેવાઈ છે. સર્વેની કામગીરીમાં સૌથી વધુ પ્રભાવિત માંગરોળ અને ઓલપાડ તાલુકા પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. આ ઉપરાંત માંડવી, અરેઠ અને અંબિકા તાલુકામાં પણ સર્વે પૂરજોશમાં ચાલી રહ્યો છે.

કામગીરી ઝડપથી પૂરી થાય તે માટે પૂરથી મુક્ત એવા નજીકના તાલુકાઓમાંથી તલાટી કમ મંત્રીઓ અને વધારાના કર્મચારીઓને માંગરોળ અને ઓલપાડ ખાતે સ્પેશિયલ ડ્યુટી પર મૂકવામાં આવ્યા છે. ઓલપાડના જે વિસ્તારોમાં હજુ પાણી ભરાયેલા છે, ત્યાં પાણી ઓસરતાં જ સર્વે ટીમ કામગીરી શરૂ કરશે.

પૂરબાદ રોગચાળો ન ફેલાય તે માટે પીવાના પાણીના સ્ત્રોતોમાં ક્લોરિનેશન, ઘરે-ઘરે આરોગ્ય તપાસ, જરૂરી દવાઓનું વિતરણ અને જંતુનાશક દવાઓનો છંટકાવ શરૂ, પાણી ઓસરતાં જ તમામ ગ્રામ પંચાયતોને વિશેષ સફાઈ અભિયાન ચલાવવા આદેશ અપાયા છે.

ગામોના રસ્તા, જાહેર સ્થળો પરથી કાદવ-કચરો દૂર કરી સેનિટાઇઝેશનની કામગીરી ઉપરાંત અસરગ્રસ્તોને સમયસર સહાય અને કેશડોલ્સ ચૂકવી શકાય તે માટે સરવે હાથ ધરાયુ છે.

### બગદાણામાં સગીરાના અપહરણ કેસનો આરોપી સુરતથી ઝડપાયો

## ક્રાઇમ બ્રાન્ચે બસ સ્ટેન્ડ પાસેથી સગીરા સાથે ડીટેઈન કરી ભાવનગર પોલીસને સોપવાની કવાયત હાથ ધરી



સુરત-ભાવનગર જિલ્લાના બગદાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા સગીરાના અપહરણના ગુનામાં સામેલ આરોપીને સુરત ક્રાઇમ બ્રાન્ચ દ્વારા સેન્ટ્રલ બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસ ટીમે બાતમીના આધારે દરોડો પાડીને ૨૬ વર્ષીય ડ્રાઈવર આરોપી કરણ હમીરભાઈ ખસીયા (રહે. ભેગાલીગામ, તા.તળાજા, જિ. ભાવનગર) ને ભોગ બનનાર નાબાલિક છોકરી સાથે ડીટેઈન કરી લીધો છે.

૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ સવારના આશરે ૦૪:૦૦ વાગ્યાના અરસામાં ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના કરમદીયાગામની વાડી વિસ્તારમાંથી એક સગીરા ગુમ થઈ હતી. અજાણ્યો શખ્સ આ નાબાલિક છોકરીને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી-ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયો હોવાની ફરિયાદ સગીરાના પિતા દ્વારા નોંધાવવામાં આવી હતી. આ બનાવ સંદર્ભે ભાવનગરના બગદાણા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, જે બાદ આરોપીની શોધખોળ શરૂ કરાઈ હતી.

આ કેસમાં બગદાણા પોલીસ દ્વારા સ્ટેશનમાં અપહરણનો રજિસ્ટર્ડ ગુનો નોંધવામાં આવ્યો હતો. સુરતમાં પેટ્રોલિંગ કરી રહેલી પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળતા જ આરોપી અને ભોગ બનનાર સગીરા સુરત સેન્ટ્રલ બસ સ્ટેન્ડ પર હોવાનું સામે આવ્યું હતું, જેથી સમય સૂચકતા વાપરીને બંનેને તુરંત તાબામાં લેવામાં આવ્યા હતા.

સુરત ક્રાઈમ બ્રાંચ દ્વારા આરોપી કરણ ખસીયાની અટકાયત કર્યા બાદ તેની વિરુદ્ધ કાયદેસરની કાગળ પરની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે. આ સાથે જ ભોગ બનનાર સગીરાની સુરક્ષા અને આરોપીની આગળની પૂછપરછ તથા કાનૂની તપાસ માટે ભાવનગરના બગદાણા પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અમલદારને સોપવા માટેની જરૂરી તજવીજ હાથ ધરવામાં આવી છે.

**૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ સવારના આશરે ૦૪:૦૦ વાગ્યાના અરસામાં ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના કરમદીયાગામની વાડી વિસ્તારમાંથી એક સગીરા ગુમ થઈ હતી.**

## વર્તમાન પ્રમુખ અશ્વિન પટેલની સહકાર પેનલ હેઠળ દાવેદારીઃકામરેજ સુગરની ૧૮ બેઠકો માટે ૫૪ ઉમેદવારોએ પોતાની દાવેદારી નોંધાવી




આંબોલી- સુરત જિલ્લા સહીતના ધરતી પુત્રો માટે જીવાદોરી સમાન કામરેજ સુગરની ચૂંટણીના પડઘમ વાગી ચૂક્યા છે. ત્યારે નવીપારડી સ્થિત કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની આગામી ૨૦/૮/૨૬ ના રોજ યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારોએ ચૂંટણી લડવા તૈયારી શરૂ કરી દીધી છે.

અંદાજે ૩૬ હજાર જેટલા સભાસદો ધરાવતી કામરેજ સુગરના વર્તમાન ચેરમેન અશ્વિન પટેલે આગામી ચૂંટણીમાં ફરી સહકાર પેનલના નેજા હેઠળ મેદાને ઝંપલાવ્યું છે. ગત રોજ વિશાળ સંખ્યામાં સમર્થકો સહિતના શક્તિ પ્રદર્શન સાથે તાલુકા સેવા સદન મથકે પહોંચી વાજતે ગાજતે ઉમેદવારી નોંધાવી છે.

આ ચૂંટણીને લઈને રાજકીય આલમમાં ભારે ગરમાવો આવી ગયો છે. ઉમેદવારોએ મેદાન મારવા માટે વ્યુહરચનાઓ સાથે જોરશોરથી તૈયારીઓ શરૂ કરી દીધી છે.

**૪ બેઠક અનામત :** ઘલા, કઠોર, વાવ, કામરેજ, દિગસ, જોખા, ઓલપાડ , સાધીયેર, કુડસદ, એરથા ણ, બૌધાન, લીબાડા, પીપોદરા, મોટાવરાછા મળી ૧૪ જૂથ તેમજ અનુસુચિત જાતિ/ અનુસુચિત જનજાતિ અનામત અને નાના/ સીમાંત ખેડૂતો ,સહિત બે મહિલા અનામત વાળી ૪ મળી કુલ ૧૮ બેઠકો માટે ચૂંટણી યોજાશે. **૧૧ મીએ ચિત્ર સ્પષ્ટ થશે :** અત્યાર સુધીમાં કુલ ૧૪ જૂથ અને અન્ય ચાર મળી ૧૮ બેઠકો માટે ૫૫ ઉમેદવારોએ ૯૪ ફોર્મ ચુંટણી અધિકારીને રજૂ કર્યા હતા.ચૂંટણીમાં કેટલા ઉમેદવારો લડશે એ અંગેનું તમામ ચિત્ર આગામી ૧૧ ઓગસ્ટે સ્પષ્ટ થઈ જશે.

ANILDARBAR
Mo: 97242 60058

DHARMESH PATEL
Mo: 99250 47272

વી. એસ. ચીકન કોર્નર

ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...



મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/

9016924808 Himanshu Thakor

himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર

ભાડેથી જોઈએ છે

રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્સ્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો

Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!

૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ

શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો

Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)- SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)